ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



આંદોલનકારીઓ ઉભરાયા - ચૂંટણીના પગલે ગાંધીનગર આંદોલનકારીઓથી ધમધમી ઉઠ્યું છે... શહેરના બંને મુખ્ય માર્ગો આંદોલનકારીઓથી છલકાયા હતા... આરોગ્ય કર્મીઓ હજ્જારોની સંખ્યામાં ઉમટ્યા હતા.... જ્યારે કિસાન સંઘની ટ્રેક્ટર રેલી પણ ખૂબ જ પ્રભાવી હતી... આ ઉપરાંત નિવૃત્ત આર્મીમેનનું આંદોલન આજે પણ યથાવત રહ્યું હતું... આમ ગાંધીનગર આખુ આંદોલનકારીઓથી ઘેરાયું હતું... ગાંધીનગરના નાગરિકો પણ પોતાના ઘરે જવા અટવાતા હતા... સાથો સાથ એક્સો-એક્ઝીબિશન સેન્ટરના મુલાકાતીઓ પણ નોંધપાત્ર હોવાથી શહેરની ટ્રાફીક સમસ્યાઓ વિકટ બની હતી...

# આવતીકાલથી બે દિવસ પંચના નાયબ ચૂંટણી કમિશનરના નેતૃત્વમાં ટીમ આવશે

**ચૂંટણીની તૈયારીઓ અંગે બે ભાગમાં બેઠકો યોજી સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરાશે**

ગાંધીનગર, તા. ૧૫

રાજયમાં આવી રહેલી વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ કેન્દ્રીય ચૂંટણી પંચ આગામી ૧૭-૧૮ના રોજ રાજયના પ્રવાસે આવી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે નાયબ ચૂંટણી કમિશનરના નેતૃત્વમાં પંચના ઉચ્ચ અધિકારીઓની ટીમ ૧૬મીએ રાત્રે અમદાવાદ આવી પહોંચશે.

મળતી વિગતો પ્રમાણે ૧૭મીએ રાજયના ૧૮ જિલ્લાના ચૂંટણી અધિકારીઓ અને જિલ્લા પોલીસ વડાઓ સાથે બેઠક કરશે તેમજ ૧૮મીએ બાકી રહેલા જિલ્લાના ચૂંટણી અધિકારીઓ અને પોલીસ વડાઓ સાથે બેઠક કરશે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેઠકમાં વિધાનસભાની ચૂંટણીને લઈ કરવામાં આવી રહેલી તૈયારીઓ અંગે જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવશે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈ પણ આ બેઠકમાં પોલીસ અધિકારીઓ સાથે સમીક્ષા કરવામાં આવશે.

મતદાર નોંધણીના નિયમોમાં થયેલ ફેરફારો પછી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ દરમ્યાન મળેલ પ્રતિસાદ તેમજ નવા નોંધાયેલા મતદારો અંગે પણ સમીક્ષા કરવામાં આવશે.

ખાસ કરીને સંવેદનશીલ મતદાન મથકો ઓળખી અને ત્યાં નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટેની તૈયારીઓ, ચૂંટણી સ્ટાફની ડેટા એન્ટ્રી, પી.ડબલ્યુ.ડી. મતદારો માટે સુવિધા, મતદાન મથકોની ચકાસણીની કામગીરીની સમીક્ષા સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

ચૂંટણી માટેનો ડિટેઈલ પ્લાનીંગ મેપ તૈયાર કરવાને લઈ પણ આ બેઠકમાં ખાસ માર્ગદર્શન આપવામાં આવશે.

પંચ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈ આ બીજીવાર આવી રહેલ છે. અગાઉ બે દિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો હતો ત્યારે પંચના અધિકારીઓ આવ્યા હતા. હવે નાયબ ચૂંટણી કમિશનરના અધ્યક્ષપદે આખી ટીમ બે દિવસ માટે આવી રહેલ છે.

આ વખતે પંચની તમામ કામગીરી અમદાવાદ ખાતે રાખવામાં આવી છે. પંચની આ મુલાકાતને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ખર્ચ માટે સંવેદનશીલ વિધાનસભા મતદાર વિભાગો અલગ તારવતુ ચૂંટણી પંચ

ગાંધીનગર, તા. ૧૫

૨૦૧૭માં વિધાનસભા અને ૨૦૧૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણી પછી આગામી દિવસોમાં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં પહેલીવાર ખર્ચ માટે સંવેદનશીલ બનેલ વિધાનસભા મત વિસ્તારોને અલગ તારવી અને વધુ અસરકારક મોનીટરીંગ સાથે આ સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવશે.

ખર્ચ માટે સંવેદનશીલ મત વિસ્તારોને સ્ટ્રેટેજીક સર્વેલન્સ ટીમોના અહેવાલ તેમજ જે વિધાનસભા મતવિસ્તારમાંથી બેનામી નાણાં પકડાયા હોય તેની ઘટનાઓ, દારૂની રેલમછેલ અને કયા વિસ્તારમાંથી વધુ પકડાયો તેવા વિવિધ પાસાઓને ધ્યાને લઈ અલગ તારવવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર (ઉ) અને કલોલ વિધાનસભા મતવિસ્તારને ખર્ચ માટે સંવેદનશીલ મતવિસ્તાર માટે અલગ તારવવામાં આવેલ છે. વિધાનસભાની ચૂંટણીમાં ખર્ચના નિયંત્રણ માટે અને હિસાબોની ચકાસણી માટે અલગ નિરીક્ષકો મુકવામાં આવે છે પણ મળતા નિર્દેશ મુજબ આ વખતે આવા સંવેદનશીલ વિસ્તારોમાં બે-બે નિરીક્ષકોની નિગરાની રહેશે એટલુ જ નહિ આ વિસ્તારોમાં ખાસ ટીમો પણ પંચ દ્વારા મુકવામાં આવનાર છે.

આજે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી.સી. ભારથીના અધ્યક્ષપદે આ અંગે એક ખાસ બેઠક પણ સચિવાલય ખાતે યોજવામાં આવી હતી. બીજી તરફ પંચે બી.એલ.ઓ. હેન્ડબુક પણ તૈયાર કરી છે. તેનું ગઈકાલે વિમોચન કરવામાં આવ્યુ હતુ.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ પંચ દ્વારા હવે તૈયારીઓ સઘન મોડમાં હાથ ધરવામાં આવી છે.

# ગુડાની આવાસ યોજનામાં સીસી કેમેરા લગાવાની યોજનાનો અમલ થયો નથી

**ગુડાના આવાસમાં રહેતા લાભાર્થીઓને માળખાગત સુવિધાઓ પણ મળતી નથી : રાયસણ, ચિલોડા અને અડાલજના એલ આઇ જી આવાસના રહીશો પણ તોબા**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નિર્મિત ગુડાના આવાસોમાં રોજબરોજ જુદી જુદી ફરિયાદો ઉઠતી રહે છે. આવાસ ભાડે નહીં આપવા ઉપરાંત લાભાર્થીઓને પ્રત્યેક શરતોનુ પાલન કડક રીતે કરવા માટે ગુડા દ્વારા ડગલે ને પગલે નિયમો બતાવામાં આવે છે પરંતુ ગુડા દ્વારા આ મામલે એક પણ નિયમોનુ પાલન કરવામાં આવતુ નથી તેવો રોષ પણ ગુડાના આવાસમાં રહેતા લાભાર્થીઓ ઠાલવી રહ્યા છે. આવાસ યોજનાને અનુલક્ષી રહીશોના માળખાગત સુવિધા પણ મળતી નથી જયારે અગાઉ સી સી કેમેરાથી આવાસ સંકુલને સજ્જ કરવાની વાત પણ હવા થઈ ગઈ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ નિર્મિત ગુડાની વિવિધ આવાસ યોજનામાં અગાઉ સી સી કેમેરા લગાવાનુ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ પરંતુ વર્ષોના અંતે પણ હજુ સુધી આ મામલે કોઈ આયોજન કરાયુ નથી. ગુડાએ પ્રથમ તબક્કામાં રાયસણ. ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવાસેનુ નિર્માણ કર્યુ હતુ જયારે આ આવાસોમાં હાલ ગુણવત્તાના અભાવે અનેક સવાલોથી રહીશો પરેશાન છે. અલબત્ત દિવાલોમાંથી ભેજ ઉતરવા સાથે ટાઈલ્સો પણ ઉખઢી ગઈ છે. જયારે લીફટ તો છેલ્લા ત્રણ વર્ષથી બંધ હાલતમાં છે. આ સ્થિતિ વચ્ચે સિક્યુરીટીનો પહેરો પણ જોવા મળતો નથી.

ગુડા કક્ષાએથી આવાસોની જાળવણીને અનુલક્ષીને લાભાર્થીઓ પાસેથી નિયત રકમ પણ વસુલવામાં આવી છે. જયારે હાલની સ્થિતિએ સુવિધાના અભાવ વચ્ચે આવાસના રહીશો ત્રાહીમામ છે. આવાસ યોજના આસપાસ સફાઈ પણ થતી નથી જયારે ગંદકીના ઢગ અને દુવિધાઓ વચ્ચે ગુંગળામણ અનુભવતા ગુડાના લાભાર્થીઓની સલામતી મામલે પણ અગાઉ સી સી કેમેરા મુકવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી જો કે સમય જતા આ વાત પણ હવા થઈ ગઈ છે. હાલ તો ગુડાના આવાસમાં રહેતા લાભાર્થીઓ તેમને માળખાગત સુવિધાઓ મળે તે માટે પણ રોજબરોજ રજુઆત કરીને થાકી ગયા છે.

# નવા સેકટરોમાં મેઘરાજાની બઘડાટી : એક ઈંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા

**શહેરમાં સિઝનનો ૨૮ ઇંચ વરસાદ : મેઘરાજાનો સેકટરીયો મિજાજ નવા સેકટરોમાં ધોધમાર વરસ્યો : જુના સેકટરોમાં કોરુ ધાકારો : વરસાદી વાયરા વચ્ચે શહેરમાં ઠંડક પ્રસરી : વરસાદી સમસ્યાઓથી રહીશો ત્રસ્ત**





ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં રોજબરોજ સાંજના સમયે નિખરતા વરસાદી નઝારાના અંતે મેઘરાજા છુટાછવાયા છાંટણાં વરસાવી ભીંજારાનો અહેસાસ કરાવી જાય છે જો કે ગઈકાલે દિવસના વાદળિયા વાતાવરણ બાદ મોડી સાંજે વરસાદી નઝારો નિખર્યો હતો. જેના અંતે ધોધમાર વરસાદી ઝાપટુ વરસતા નવા સેકટરોમાં ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરીયા વરસાદના અંતે એક ઇંચ પાણી પડયુ હતુ. નવા સેકટરોના આંતરિક વિસ્તાર અને કોમન પ્લોટ સહીત મુખ્યમાર્ગો અને સર્કલો આસપાસ જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. વરસાદી વાયરાથી વાતાવરણમાં પ્રમાણમાં ઠંડક પ્રવર્તી છે. પરંતુ સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ જટીલ બનતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૨૮ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી રોજ સાંજ ઢળતા જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાય છે. આકાશમાં ઘેરાતા કાળા ડીંબાંગ વાદળો ક્યારેક છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ જાય છે. તો ક્યારેક ધોધમાર ઝાપટુ વરસાવી ચોમેર પાણી પાણી કરી દેતા નગરનુ જનજીવન પણ અસ્તવ્યસ્ત થઈ જાય છે. એકબાજુ કોઈ કોઈ દિવસે બપોરના સમયે ભાદરવો તપતા નગરજનો આકરો તાપ પણ અનુભવી રહ્યા છે. આવા સંજોગોમાં વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે અસહ્ય ઉકળાટનુ પ્રમાણ પણ વધુ રહેતુ હોવાથી નગરજનો આકરી ગરમી પણ અનુભવે છે .વરસાદી ઝાપટા બાદ વાતાવરણમાં ઠંડક પ્રવર્તે છે. પરંતુ દિવસના સમયે સવારથી જ બફારો અનુભવતા નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત છે. ગઈકાલે પણ દિવસના અંતે સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા હતા જયારે કેટલાક સેકટરોમાં વરસાદી છાંટણા વરસાવતા ભીંજારાનો માહોલ સર્જાયો હતો જો કે મોડી સાંજે શહેરના નવા સેકટરોમાં વરસાદ ધોધમાર વરસ્યો હતો જેના લીધે થોડીવારમાં જ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. સે-૩ ના આંતરિક વિસ્તારોમાં વરસાદી પાણીના ભરાવાના લીધે વાહનો પણ ખોટવાયા હતા જયારે ચ -૩ નજીક પણ વરસાદી પાણી ઉભરાતા નજરે પડયુ હતુ. શહેરમાં ઘ- ૨ પાસે પણ સર્કલ વિસ્તાર આસપાસ વરસાદી પાણીના લીધે જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે સે-૬ અને અપનાબજાર પાસેના વિસ્તારમાં પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો. મોડી સાંજે ધોધમાર વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. શહેરમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

અત્યાર સુધી શહેરમાં સિઝનનો ૬૯૭ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત શહેરમાં સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. જયારે કયારેક અલપ ઝલપ અને ક્યારેક મનમુકીને વરસતા વરસાદ વચ્ચે દિવસના સમયે નગરજનો હજુ ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૦.૨ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાનમાં ૨ ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી ગઈકાલની સાપેક્ષમાં

● અનુસંધાન પાન-૭ પર

## આસોના આગમને આકાશમાં અષાઢી નઝારો સર્જાયો : ગરબા પ્રેમીઓમાં ઉચાટ

**નવરાત્રિ નજીકમાં છે... ત્યારે ગરબા મહોત્સવના આયોજકો અને ખેલેયાઓને સતત ચિંતા કોરોના બાદ હવે વરસાદ વિલન નહીં.. બને ..ને...**

ગાંધીનગર તા ૧૫

કપરા કોરોના કાળમાં બે વર્ષના અંતે નવરાત પર્વની ઉજવણીને અનુલક્ષી ખૈલેયાઓ અને ગરબા મહોત્સવના આયોજકોમાં ગજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગરબે ઘુમવા માટે ખૈલેયાઓના પગ થિરકી રહ્યા છે. પરંતુ આસોના આગમન ટાંણે આકાશમાં રોજબરોજ નિખરતા અષાઢી નઝારાથી નવરાત મહોત્સવની ઉજવણી સામે અનેક સવાલો મંડરાયા છે. નવરાત્રિમાં વરસાદ વિલન બનશે તો.. તેવો ઉચાટ પ્રબળ બન્યો છે. રોજબરોજ મુશળધાર વરસતા મેઘરાજાના આ વિચિત્ર મિજાજ સામે ગરબા પ્રેમીઓનુ મોં વંકાયુ છે. જો કે હાલ વરસાદી વાયરા વચ્ચે પણ સેકટરોમાં ગરબા મેદાન તૈયાર કરવા માટે તૈયારીઓ ચાલી રહી છે. નવરાત્રિમાં મેઘરાજા ખમૈયા કરે તેવી લાગણી સાથે ખૈલેયાઓને પણ વરસાદી ખલેલનો ભય સતાવી રહ્યો છે.

સમગ્ર દેશમાં છેલ્લા બે વર્ષથી કોરોના કહેર વચ્ચે વિવિધ તહેવારોની ઉજવણી કરવાનુ શક્ય બન્યુ ન હતુ. જેમાં ગુજરાતીઓના ચહીતા પર્વ નવરાત મહોત્સવમાં પણ ખૈલેયાઓને ગરબે ઘુમવાનુ નસીબ થયુ ન હતુ કોરોનાની મહામારીએ સૌને કેદ કરી દીધા હતા. જયારે સતત ભય અને તણાંવયુકત માહોલ વચ્ચે એમ્બ્યુલન્સની સાઈરનોથી ગુંજતા માર્ગો ઉપર પર લોકડાઉન અને સંક્રમણના ડરની અસરથી સન્નાટો જોવા મળતો હતો. ત્યારે હવે કોરોનાનો કહેર શમી ગયો છે. અલબત્ત કોરોના નિયંત્રણમાં છે. આવા સંજોગોમાં છેલ્લા બે વર્ષના અંતે નવરાત પર્વની ઉજવણી માટે ઉત્સુક બનેલા ખૈલેયાઓના પગ હવે બેવડા જોરે

● અનુસંધાન પાન-૭ પર

# રૂપાલ વરદાયિની માતાના મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી વેગીલી બની

**જાન્યુઆરીમાં પુનઃ જીર્ણોદ્ધાર મહોત્સવ ધામધૂમથી ઉજવાશે**



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરનું પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલ વરદાયિની માતાના મંદિરના પુનઃ જીર્ણોદ્ધારની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. આગામી ૨૨ થી ૨૬મી જાન્યુઆરી દરમ્યાન આ અંગે ખાસ કાર્યક્રમો યોજવામાં આવશે તેવા સંકેતો આજે મંદિરના ટ્રસ્ટી નીતિનભાઈ પટેલે આપ્યા હતા.

તેમણે પત્રકારોને જણાવ્યુ હતુ કે મંદિરના ગર્ભગૃહ અને અન્ય મૂર્તિઓના સ્થાનકોને સોનાના વરખ સાથે મઢવામાં આવી રહ્યા છે. આ અંગે ૪ કિલોથી વધુ સોનુ વપરાશમાં લેવામાં આવ્યુ છે.

તેમણે કહ્યુ કે ૨૦૧૬થી આ મંદિરના જીર્ણોદ્ધારનું કામ શરૂ કરવામાં આવ્યુ છે. બે વર્ષ કોરોનાની મહામારીને કારણે વિલંબ થોડોક જરૂર થયો છે પરંતુ હવે ગતિ આવી છે.

પ્રસાદ યોજનામાં મંદિરનો સમાવેશ કરવામાં આવ્યો છે અને પ્રથમ જ્યોર્તિલીંગ સોમનાથ પેટર્ન પર મંદિરના ડેવલપમેન્ટ પ્લાનને તૈયાર કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે અત્યાર સુધીમાં રૂ. ૨૮ કરોડથી વધુનો ખર્ચ થઈ ચુક્યો છે. રાજ્ય સરકાર તરફથી રૂ. ૫ કરોડ જેટલી માતબર રકમ મળી છે. આ ઉપરાંત અન્યદાતાઓનો સહયોગ મળ્યો છે.

પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીએ મંદિરનો સમાવેશ પ્રસાદ યોજના અંતર્ગત કર્યા પછી મંદિર પરિસરના વિકાસ કામોને નવો વેગ મળ્યો છે. આ માટે બન્ને મહાનુભાવોનો આભાર માનીએ એટલો ઓછો પડે એમ છે.

સંપૂર્ણ પરિસર વિકાસ પામ્યા પછી આ ગામ રાજ્યનું આગવુ તીર્થધામ બની અને ઉભરશે તેમાં કોઈ શક નથી.

### ૧૭મીએ વડાપ્રધાનના જન્મદિને રૂપાલ ખાતે યોજાયેલ આયુસ્કામ યજ્ઞમાં દિવ્યાંગો યજ્ઞ કરશે

દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી અને સ્વર્ણિમ ભારતના સ્વપ્રદષ્ટા ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના આગામી ૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૩મા જન્મદિનની ઉજવણી અનોખી રીતે વરદાયિની માતા મંદિરના પરિસરમાં યોજાશે.

આજે મંદિરના ટ્રસ્ટી નીતિનભાઈ પટેલે પત્રકારોને જણાવ્યુ હતુ કે જિલ્લામાંથી ૫૦૧ જેટલા દિવ્યાંગ બાળકો દ્વારા પ્રધાનમંત્રીના દીર્ઘ આયુષ્ય માટે અને તેમના હસ્તે વધુ ને વધુ જનકલ્યાણના કામો થતા રહે તે શુભ આશયથી 'આયુષ્કામ' યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યજ્ઞમાં આહુતિ અને યજ્ઞદેવનું આહ્વાન દિવ્યાંગ બાળકો જ કરશે.

દિવ્યાંગો માટે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે. માઈભક્તોની શ્રદ્ધાનું કેન્દ્ર વરદાયિની માતાજીના મંદિરને કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનામાં સમાવિષ્ટ કરવા બદલ ટ્રસ્ટીમંડળ, ગ્રામજનો તેમજ શ્રદ્ધાળુઓ નરેન્દ્રભાઈ મોદી માટે વંદન સહ આભાર માને છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com